# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉવા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# HMVP HRISHIKESH PATEL

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે એચએમવીપી વાઇરસ ચેપી છે જેને કારણે તકેદારી રાખવાની જરૂર છે. ગાંધીનગર ખાતે એક કાર્યક્રમમાં પત્રકારો સાથે વાતચિત કરતાં આરોગ્ય મત્રીએ કહ્યું હતું કે આ વાઇરસથી ગભરાવવાની કોઇ જરૂર નથી. તાવ, શરદી કે ખાંસી અને ગળામાં દુખાવો હોય તો તેવા વ્યક્તિઓથી દૂર રહેવાની પણ આરોગ્ય મંત્રીએ સલાહ આપી છે..

(બાઇટ- ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

. . . . . . . . . . . . .

# GANDHINAGAR TRICITY EXPO

ક્રેડાઈ દ્વારા ગાંધીનગરમાં ટ્રાય સિટી પ્રોપર્ટી એક્સપોનું આયોજન કરાયું છે. જેનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ શોર્ટ ફિલ્મ પણ નિહાળી હતી. મુખ્યમંત્રીએ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સાથે વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . . . . .

# AMC FLOWER SHOW PRE WEDING SHOOT

અમદાવાદ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ કહ્યું હતું કે ફ્લાવર શોને વધુ બે દિવસ માટે લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની સાથે 23 અને 24 જાન્યુઆરી એમ બે દિવસ ફ્લાવર શોમાં પ્રિ- વેડિંગ શૂટ કરાવી શકાશે. વેબ સિરીઝ તેમજ મુવી અને એડવર્ટાઈઝમેન્ટના શૂટિંગ માટેનો સમય સાંજે 6થી રાત્રે 12 વાગ્યા સુધીનો રહેશે. જેનો ચાર્જ 1 લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે તેમ અમદાવાદ મહાનગર પાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ કહ્યું હતું.

(બાઇટ - દેવાંગ દાણી, એએમસી, સ્ટે.કમિટી ચેરમેન)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# SURAT SITEX

દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી એટલે કે SGCCI દ્વારા સુરતના સરસાણામાં સીટેક્ષ એટલે કે સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એક્ષ્પો–2025'નું આયોજન કરાયું છે.

આ એક્સપોનું કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલે ઉદ્ઘાટન કર્યું હતું. SGCCI દ્વારા યોજાતા ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની મશીનરીને આવરી લેનારા પ્રદર્શન 'સીટેક્ષ' શ્રેણીનું આ 11મું પ્રદર્શન છે.

. . . . . . . . . . . . .

# PRAVESH PRAKRIYA

ગુજરાત વિદ્યાપીઠમાં ભારતીય અને વિદેશી ભાષા સહિતના ટૂંકા ગાળાના વિવિધ કોર્ષમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.

ઉલ્લેખનીય છે કે, વિદ્યાપીઠમાં ભારતની 12 અને વિદેશની 9 ભાષાઓને લગતા વિવિધ કોર્ષ ચાલે છે. આ કોર્ષમાં પ્રવેશ માટે 16 જાન્યુઆરી સધી ઓનલાઈન અરજી કરી શકાશે. વધુ માહિતી સત્તાવાર વેબસાઈટ પરથી મેળવી શકાશે.

. . . . . . . . . . . . .

# MAHESANA TICKET VENDOR

મહેસાણા રેલવેમથક ખાતે સ્વસંચાલિત ટિકિટ વિતરણ યંત્રના માધ્યમથી લાઈનમાં ઉભા રહ્યાં વિના ટિકિટ મેળવી શકાશે. અમદાવાદ રેલવે મંડળ દ્વારા આ યંત્ર મહેસાણા રેલવેમથકને આપવામાં આવ્યું છે. જે આગામી સપ્તાહમાં શરૂ કરાશે. જેનો મુસાફરો આ સેવાનો લાભ લઈ શકશે. જો સ્માર્ટકાર્ડથી ટિકિટ બુક કરવામાં આવશે તો સેવા માટે ચૂકાવવી પડતી રકમમાં ૩ ટકાની રાહત છૂટછાટ મળશે.

. . . . . . . . . . . . .

# MATCH

રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએસન  ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઇ રહેલી આર્યલેન્ડ સામેની પહેલી મહિલા એકદિવસિય મેચમાં પ્રવાસી ટીમે છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે 47 ઓવરમાં છ વિકેટે 216 રન કર્યા છે. ગેબી લુઇસે 92 રન ફટકાર્યા હતા. જ્યારે ભારત તરફથી પ્રિયા મિશ્રાએ બે વિકેટ અને બે બેટસમેન રન આઉટ થયા હતા જ્યારે દિપ્તી શર્મા અને તિતાસ સાધુએ એક-એક વિકેટ ઝડપી હતી

. . . . . . . . . . . . .